# ગુજરાત જાહેર સેવા આયોગ
## અગત્યની જાહેરાત

| ક્રમ. | જગ્યાનું નામ | જાહેરાત ક્રમાંક |
|---|---|---|
| ૧ | રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ-૩ | ૮૦/૨૦૧૮-૧૯ |
| ૨ | ગુજરાતી પ્રતિવેદક, વર્ગ-૨ | ૧૦૮/૨૦૧૮-૧૯ |
| ૩ | અંગ્રેજી પ્રતિવેદક, વર્ગ-૨ | ૧૦૯/૨૦૧૮-૧૯ |
| ૪ | હિન્દી પ્રતિવેદક, વર્ગ-૨ | ૧૧૦/૨૦૧૮-૧૯ |

૧. આ જાહેરાતો અન્વયે જેઓએ ઓનલાઇન અરજી કરેલ છે પરંતુ તેઓ એક કે બીજા કારણસર તેઓની અરજી કન્ફર્મ કરવાનું ચૂકી ગયેલ છે, તેવા ઉમેદવારો પોતાની અરજી કન્ફર્મ કરી શકે તે માટે આયોગની કચેરીમાં કામકાજના દિવસોએ તા.૨૬/૧૨/૨૦૧૮ થી તા.૧૦/૦૧/૨૦૧૯ દરમિયાન સવારે ૧૧:૦૦ કલાક થી સાંજે ૦૪:૦૦ કલાક સુધીમાં ઓનલાઇન અરજી કર્યાની પ્રિન્ટ સાથે રૂ. ૧૦૦૦/- રોકડેથી ચૂકવીને પોતાની અરજી કન્ફર્મ કરાવી શકશે.

૨. ઉપરોક્ત જાહેરાત અન્વયે, જે ઉમેદવારોએ આ જાહેરાત સંબંધમાં ઓનલાઇન અરજી કરેલ નથી કે ફકત ONE TIME REGISTRATION (OTR) કરેલ હોય તેવા ઉમેદવારોએ અરજી કરવાની રહેતી નથી.

૩. જે ઉમેદવારોએ ઓનલાઈન અરજી પત્રકમાં ફોટો અને સહી અપલોડ કરેલ નથી તેવા ઉમેદવારોએ પોતાના તાજેતરના પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફ તથા ફોટોવાળું ઓળખપત્ર તથા તેની ઝેરોક્ષ નકલ સાથે લઈને અરજી કન્ફર્મ કરવા આવવાનું રહેશે.

૪. ઉપરોક્ત જાહેરાત અન્વયે બિનઅનામત કક્ષાના ઉમેદવારો જેઓએ અરજી કન્ફર્મ કરેલ છે અને સમયસર અરજી ફી ભરી શકેલ નથી તેઓને આયોગની કચેરીમાં કામકાજના દિવસોએ તા.૨૬/૧૨/૨૦૧૮ થી તા.૧૦/૦૧/૨૦૧૯ દરમિયાન સવારે ૧૧:૦૦ કલાક થી સાંજે ૦૪:૦૦ કલાક સુધીમાં પ્રોસેસીંગ ફી પેટે રૂ.૫૦૦/- રોકડેથી જમા કરાવવા આથી જણાવવામાં આવે છે.

**તારીખ: ૨૫/૧૨/૨૦૧૮**